# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની ત્રેવીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૧૨/૦૯/૨૦૨૩ ના રોજ બપોરે 03:30 કલાકે "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :**

**તા: ૧૨ /૦૯/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧. | ડો. ઝેડ. પી. પટેલ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| ૨. | શ્રી પી.ડી. પલસાણા | સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | - |
| ૩. | શ્રી ડી.બી. નિમાવત | નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર. | - |
| ૪. | ડો. આર. ડી. વશી | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી. | હાજર |
| ૫. | ડો. અલ્કા સિંઘ | સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૬. | ડો. એચ.વી.પંડ્યા | સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૭. | ડો. તીમુર અહલાવત | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી. | ઓન લાઈન હાજર |
| ૮. | શ્રી ચિરાગ બી. નાયક | સભ્ય સચિવ અને હિસાબ નિયામક, ન,યુ.કૃ. નવસારી. | હાજર |

**સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.**

સૌ પ્રથમ નાણાં સમિતિની **ત્રેવીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૨૩.૧ તા. ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ બાવીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૨૦/૧૨/૨૦૨૨** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની બાવીસમી બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૨.૦૧ થી ૨૨.૮** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૨ તા. ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ બાવીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૨૦/૧૨/૨૦૨૨** ના રોજ મળેલ બાવીસમી બેઠકના **મુદ્દા નં. ૨૨.૦૧ થી ૨૨.૮** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૨૩.૩ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે સ્થાયી ખર્ચ અને વિકાસ ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ નાણાં વિભાગ તરફથી મંજૂર થયેલ છે. જે વંચાણે લઈ અંદાજોની મંર્યાદામાં સને ૨૦૨૩–૨૪ ના વર્ષ માટે ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.**

"નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૨૩-૨૪ ના વર્ષની સ્થાયી ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ રૂ. ૧૦૭૨૮.૮૯ (લાખ) અને વિકાસ ખર્ચ માટે રૂ. ૮૩૭૪.૭૯ (લાખ) એમ કુલ રૂ.૧૯૧૦૩.૬૮ (લાખ) નાણાં વિભાગ દ્વારા જોગવાઈ મંજુર કરેલ છે, જેને સ્વીકારવામાં આવે છે, અને મંજુર જોગવાઈની મર્યાદામાં નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ માં ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૪ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીનો સને ૨૦૨૨–૨૩ નો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના સને ૨૦૨૨-૨૩ (તા. ૦૧.૦૪.૨૦૨૨ થી તા. ૩૧.૦૩.૨૦૨૩) ના વાર્ષિક હિસાબને નાણાં સમિતિ ગ્રાહ્ય રાખે છે અને નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૫ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૧૫–૧૬ નો ઓડિટ અહેવાલ અને તેના પર લેવાયેલ પગલાનું નિવેદન મંજુર કરવા બાબત.**

“આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ ૨૦૦૪ ની કલમ ૪૮(૫-ક) અનુસાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો ઓડિટ અહેવાલ અને તેના પર લીધેલ પગલાંની નોંધ નાણાં સમિતિ ગ્રાહ્ય રાખે છે અને નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરે છે.”

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૬ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૧૫–૧૬ થી સને ૨૦૨૧–૨૨ નો Inspection Report (A.G. Audit) ધ્યાને લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૫-૧૬ થી સને ૨૦૨૧-૨૨ ના વર્ષનો Inspection Report (A.G. Audit) Inspection Office Principal Account General, Rajkot/Ahmedabad તરફથી મળેલ છે. જેને નાણાં સમિતિએ ધ્યાને લીધેલ છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૭ યુનિવર્સિટી કક્ષાએ ચાર્ટડ એકાઉન્ટ દ્વારા કરવાની થતી GST-TDS રિટર્ન ફાઈલ કરવાની કામગીરી માટે એજન્સી નક્કી કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરી ખાતેથી કરવામાં આવતી નાણાકીય લેવડ-દેવડ દરમ્યાન કરવામાં આવેલ GST કપાતના GST-TDS રિટર્ન ફાઈલ કરવાની કામગીરી માટે સામેલ Apendix-A મુજબ ચાર્ટડ એકાઉન્ટની સેવા બે વર્ષ માટે સોપવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ ધ્યાને લઇ ખરીદ સમિતિમાં સ્ટેચ્યુટ 17(ii)(ii) મુજબ ભલામણ મેળવવાની અપેક્ષાએ કાર્યોત્તર મંજૂરી આપે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૮ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે જમા રહેલ દાવા વગરની (Unclaimed) બિન જપ્તી (Non-forfeiture) થાપણ (deposit) બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે સિનિયર ઓડિટ ઓફિસર, ઓફિસ ઓફ ધ પ્રિન્સિપલ એકાઉન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ દ્વારા સને ૨૦૧૫-૧૬ થી સને ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષનું ઓડિટ કાર્ય હાથ ધરવામાં આવેલ હતું. જે દરમ્યાન આપવામાં આવેલ Observation અન્વયે જરૂરી પરિપત્ર કરી ત્રણ વર્ષ કે તેનાથી વધુ સમયની દાવા વગરની (Unclaimed) થાપણ છૂટી કરવા માટે તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીની સમય મર્યાદા નક્કી કરવામાં આવી ત્યાર બાદ બાકી રહેતી થાપણ જપ્ત કરવાની નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા નાણાં સમિતિ મંજૂરી આપે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૯ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે વિવિધ દાતાશ્રીઓ તરફથી ખાસ હેતુ માટે મળતા દાન અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું ૮0G અને CSR હેઠળ રજીસ્ટ્રેશન કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું 80G અને CSR હેઠળ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ ધ્યાને લઇ નિયામક મંડળને ધ્યાને લાવવા સૂચન કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૧૦ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તમામ કચેરીના યુનિટ હેડ તેમજ હેડ ઓફ ઓફિસને સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે કાયમી પેશગી રકમ ફાળવવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, આ સાથે સામેલ પત્રક (એનેક્ષર-૧) નાં કોલમ નં. ૭ માં જણાવ્યા પ્રમાણે જે તે કચેરીઓની માંગણીને ધ્યાને લઈ અત્રેની યુનિવર્સિટીની કચેરીઓના યુનિટ હેડને કાયમી પેશગી ની રકમ સામેલ પત્રક (એનેક્ષર-૨) માં જણાવેલ શરતો ને આધિન ફાળવી આપવામાં આવેલ છે. જેને નાણાં સમિતિએ ધ્યાને લીધેલ છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૩.૧૧ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાકીય કામગીરી ચોકસાઈ પૂર્વક કરવા જૂનું ERP સોફ્ટવેર બંધ કરી નવું URP સોફ્ટવેર ચાલુ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીના હિસાબોની સરળતા માટે તૈયાર કરવામાં આવેલ નવા URP સોફ્ટવેરના Financial Module માં **તા. ૦૧/૦૪/૨૦૨૩** થી જૂના ERP સોફ્ટવેર બંધ કરી ખર્ચ, આવક અને ગ્રાંટની એન્ટ્રીઓ કરવામાં આવેલ છે. જેની નાણાં સમિતિ નોંધ લઈ ગ્રાહ્ય રાખે છે."

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

**સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.**

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૩૨૩૫/૨૦૨૩**
**તા.૧૩/૦૯ /૨૦૨૩**

**નકલ સવિનય રવાના:-**

**૧.** શ્રી પી. ડી. પલસાણા, સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
**૨.** શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર(કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
**૩.** ડો. આર. ડી. વશી, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
**૪.** ડો. અલ્કા સિંઘ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
**૫.** ડો. એચ.વી.પંડ્યા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
**૬.** ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
**૭.** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની ચોવીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૨૨/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :**

**તા: ૨૨ /૧૨/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧. | ડો. ઝેડ. પી. પટેલ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| ૨. | શ્રી પી.ડી. પલસાણા | સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | - |
| ૩. | શ્રી ડી.બી. નિમાવત | નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર. | - |
| ૪. | ડો. આર. ડી. વશી | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી. | હાજર |
| ૫. | ડો. અલ્કા સિંઘ | સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. | ઓનલાઈન ઉપસ્થિત |
| ૬. | ડો. એચ.વી.પંડ્યા | સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૭. | ડો. તીમુર અહલાવત | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૮. | શ્રી ચિરાગ બી. નાયક | સભ્ય સચિવ અને હિસાબ નિયામક, ન,યુ.કૃ. નવસારી. | હાજર |

**સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.**

સૌ પ્રથમ નાણાં સમિતિની **ચોવીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૨૪.૧ તા. ૧૨/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ ત્રેવીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૧૨/૦૯/૨૦૨૩** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની ત્રેવીસમી બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૩.૦૧ થી ૨૩.૧૧** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૨ તા. ૧૨/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ ત્રેવીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૧૨/૦૯/૨૦૨૩** ના રોજ મળેલ ત્રેવીસમી બેઠકના **મુદ્દા નં. ૨૩.૦૧ થી ૨૩.૧૧** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૨૪.૩ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ના સ્થાયી ખર્ચનું સૂચિત અંદાજપત્રીય જોગવાઈ મંજૂર કરવા બાબત**.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો **સને ૨૦૨૪–૨૫** નાં વર્ષનો **સ્થાયી ખર્ચ(નોન પ્લાન)** યોજનાઓનો નેટ અંદાજ **રૂ. ૧૧૪૧૧.૦૦ (લાખ)** સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળમાં રજૂ કરવા ભલામણ કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૪ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ ના વર્ષનું સ્થાયી અને વિકાસ ખર્ચની સુધારેલ અંદાજપત્રીય મંજૂર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું **સને ૨૦૨૩–૨૪** ના વર્ષનું **સ્થાયી ખર્ચ(નોન પ્લાન)** અને **વિકાસ ખર્ચ(પ્લાન)** યોજનાઓનું કુલ સુધારેલ અંદાજ (રીવાઈઝ બજેટ) **રૂ. ૧૯૫૮૩.૧૨ (લાખ)** થાય છે જેમાંથી સૂચિત કુલ આવક **રૂ. ૫૮૭.૧૩ (લાખ)** બાદ કરી કુલ નેટ અંદાજ **રૂ. ૧૮૯૯૫.૯૯ (લાખ)** સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળમાં રજૂ કરવા ભલામણ કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની વિકાસ ખર્ચની ચાલુ યોજનાઓની સુચિત અંદાજપત્રીય જોગવાઇની બહાલી આપવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની **વિકાસ ખર્ચ (પ્લાન)** ની નાણાંકીય **વર્ષ ૨૦૨૪–૨૫** માટે ચાલુ યોજનાઓ માટે **₹ ૯૬૬૩.૦૦** લાખની **(સામેલ પત્રક ૧૭.૪.૧ મુજબ)** સરકારશ્રીમાં રજુ કરેલ અંદાજપત્રીય જોગવાઇને કાર્યોત્તર બહાલી આપવામાં આવે છે."

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૬ નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ની અંદાજપત્રીય જોગવાઇમાં મુકવાના થતા સુચિત નવા બાંધકામોની બહાલી આપવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક **વિકાસ ખર્ચ** હેઠળ આગામી **વર્ષ ૨૦૨૪–૨૫** ની અંદાજપત્રીય જોગવાઇમાં સુચિત નવા બાંધકામો **(સામેલ પત્રક ૧૭.૫.૧ મુજબ)** સરકારશ્રીમાં રજુ કરવા કાર્યોત્તર બહાલી આપવામાં આવે છે."

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૭ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઇમાં મુકવાના થતા સુચિત નવા કાર્યક્રમોની બહાલી આપવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક **વર્ષ ૨૦૨૪-૨૫** ની અંદાજપત્રીય જોગવાઇમાં વિકાસખર્ચ હેઠળ વિભાગ-૧ અંતર્ગત મુકવાના થતા સૂચિત નવા કાર્યક્રમો **(સામેલ પત્રક ૧૭.૭.૧ મુજબ)** સરકારશ્રીમાં રજુ કરવા કાર્યોત્તર બહાલી આપવામાં આવે છે."

**(અમલ :- સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૮ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે ખાસ કિસ્સામાં ઉચ્ચક બીલ (Abstract Bill) માટે ઉપાડવામાં આવતી રકમની મર્યાદામાં ફેરફાર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં ખાસ કિસ્સામાં ચોક્કસ હેતુ માટે ઉપાડવામાં આવતા ઉચ્ચક બીલ (Abstract Bill) ની નાણાકીય મર્યાદા **યુનિવર્સિટી અધિકારીઓ** માટે **₹ ૨૦,૦૦૦/- થી વધારી ₹ ૩૦,૦૦૦/-** તથા **કચેરીના વડાશ્રીઓ** માટે **₹ ૧૫,૦૦૦/- થી વધારી ₹૨૫,૦૦૦/-** નક્કી કરવા નાણાં સમિતિ મંજૂરી આપે છે. વધુમાં આ મર્યાદા કરતાં વધુની રકમ માટે **ઉચ્ચક બીલ (Abstract Bill)** થી નાણાં ઉપાડવા માટે હિસાબ નિયામકશ્રીની પૂર્વ મંજુરી અવશ્ય મેળવવાની રહેશે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

**સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.**

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૪૨૪૧/૨૦૨૩**
**તા.૨૨/૧૨/૨૦૨૩**

**નકલ સવિનય રવાના:-**

1. શ્રી પી. ડી. પલસાણા, સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર(કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
3. ડો. આર. ડી. વશી, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
4. ડો. અલ્કા સિંઘ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
5. ડો. એચ.વી.પંડયા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
6. ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
7. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.